પૂર્વછાયો- રાજી થઈ રામાનંદજીએ, લીધા પત્ર તે બેઉ હાથ ।
વર્ણી આવ્યાની વાત વાંચી, રાજી થયા આપે નાથ ॥૧॥
પોતા વિષે અતિભાવ છે, તપે કરી કૃશ છે શરીર ।
એવાં વચન વિચારીને, આવ્યાં પોતાને નયણે નીર ॥૨॥
ગદ્‌ગદ્‌ કંઠે ગિરા થઈ, ધીરા રહીને વાંચ્યા કાગળ ।
પછી તેહની વારતા, કહી હરિજનને આગળ ॥૩॥
સુંદર આદિ સતસંગી, સુણવા આવ્યા સહુ કોય ।
નીલકંઠજીના ગુણને, કહેતાં સુણતાં તૃપ્ત ન હોય ॥૪॥

ચોપાઇ- ધન્ય ધન્ય એ વરણિરાટ, આવ્યે ટળ્યો સરવે ઉચાટ ।
કહી વર્ણિની મોટપ્ય બહુ, સુણી સતસંગીએ તે સહુ ॥૫॥
પછી પત્રનો પ્રતિઉત્તાર, લખે છે પોતે અતિ સુંદર ।
બ્રહ્મચારીની પ્રશંસા કરી, રૂડો ઉત્તર લખે છે હરિ ॥૬॥
શ્રી લોજપુરમાં રહ્યા સંત, તે મુજને વહાલા છો અત્યંત ।
તીર્થવાસિની કરો છો ટેલ, તેમાં પળ નથી પામતા વેલ ॥૭॥
માંદા સાધુની કરવી સેવ, વળી તકેશું રાખવી ટેવ ।
તે તો કોઇથી બની ન આવે, તેહ તમે જ કરો છો ભાવે ॥૮॥
દુઃખીને તમે દ્યો છો આનંદ, એવા પરમાર્થી મુનિ ઇંદ ।
વળી અષ્ટભાતે ત્રિયા ત્યાગી, એવા સંત તમે બડભાગી ॥૯॥
માટે તમારા બ્રહ્મચર્યમાંઇ, કહું વિઘ્ન પડશો માં કાંઇ ।

મારી આશિષથી મુનિજન, નહિ આવે બ્રહ્મચર્યે વિઘન ॥૧૦॥
તે બ્રહ્મચર્ય છે બ્રહ્મસ્વરૂપ, કહ્યું સનત્સુજાતીયે અનૂપ ।
શ્રી ભુજથી લખિતંગ અમે, કરજ્યો આશિષ ગ્રહણ તમે ॥૧૧॥
શ્રીકૃષ્ણ અનુગ્રહ પ્રતાપે, છીએ સુખી સંતો અમે આપે ।
પત્ર પોતા છે તમારા બેઉં, ભટ્ટ મયારામ લાવ્યા તેઉં ॥૧૨॥
વાંચી જાણ્યો સર્વે અભિપ્રાય, જે જે લખ્યું છે કાગળમાંય ।
તમ પાસે આવ્યા બ્રહ્મચાર, તે પણ જાણ્યા છે સમાચાર ॥૧૩॥
જે જે રીત લખી એની તમે, તેની વાત કહીએ છીએ અમે ।
એની ક્રિયા જે જે તમે કહી, તેતો એકે મનુષ્યની નહિ ॥૧૪॥
માટે સાધારણ પુરુષ એહ, તમે જાણશો માં મુનિ તેહ ।
નિરન્નમુક્ત એ છે નિરધાર, શ્વેતદ્વીપ ધામના રહેનાર ॥૧૫॥
કાંતો બદ્રિકાશ્રમના મુક્ત, આવ્યા છે તપને ત્યાગે યુક્ત ।
ઈશ્વર ઇચ્છાએ આવ્યા છે આંઇ, બીજી વાત જાણશોમાં કાંઇ ॥૧૬॥
એ જે આવ્યા છે તમારે પાસ, તેનો અમે કર્યો છે તપાસ ।
માટે એને ગમે તેવી રીત્યે, કરજ્યો સેવા સહુ મળી પ્રીત્યે ॥૧૭॥
એની પાસેથી યોગની કળા, તમે શિખજ્યો મુનિ સઘળા ।
નેતિ ધોતિ ને નૌલિ કુંજરી, બસ્તિ બે પ્રકારની ખરી ॥૧૮॥
તેણે શરીરની શુદ્ધિ થાય, તમે શિખજ્યો સહુ મુનિરાય ।
પછી અનુક્રમે કરી એહ, શિખજ્યો અષ્ટાંગયોગ તેહ ॥૧૯॥
યમ નિયમ આસન કહીએ, પ્રાણાયામ પ્રત્યાહાર લહીએ ।
ધારણા ધ્યાન ને જે સમાધિ, એ કહે તેમ લેજ્યો શિખી સાધી ॥૨૦॥
અષ્ટાંગયોગ અભ્યાસ વિના, ઉઠે અંતરે ઘાટ નવીના ।
શુદ્ધ બ્રહ્મચર્ય નવ પળે, માટે જરૂર કરવું સઘળે ॥૨૧॥
એમ કરશો ત્યારે ઇંદ્રિયજીત, કહેવાશો તમે સંત પુનિત ।
કામરૂપ શત્રુતો જીતાય, જો સ્ત્રીસંગનો ત્યાગ થાય ॥૨૨॥
બ્રહ્મચર્ય રાખવા જે ઇચ્છે, ન જુવે નારી ભલી ભૂંડી છે ।
સ્ત્રીની કથા કેદિયે ન સુણે, ન કહે તેના અવગુણ ગુણે ॥૨૩॥

સ્ત્રીને રમવાનાં જે જે સ્થળ, ન જાવું ત્યાગીને ત્યાં કોઈ પળ ।
અતિ નાની હોય જો યોષિત, જાણી જોવી નહિ દઈ ચિત્ત ॥૨૪॥
ચિત્રપ્રતિમાની જે સુંદરી, ન અડવું ન જોવું દ્રગ ભરી ।
નારી ચિત્રની પણ ન કરવી, એના મર્મની વાત પ્રહરવી ॥૨૫॥
એની વાત કહેવી નહિ કાંઈ, ભેળું ચાલવું નહિ વાટમાંઈ ।
સંકેતે પણ ભાષણ ન કરવું, નારી સ્પર્શેલ પટ પ્રહરવું ॥૨૬॥
નારી વિષેનો સંકલ્પ ત્યાગી, રહેવું પ્રભુપદે અનુરાગી ।
કૃષ્ણભક્ત ત્યાગી પ્રાણઅંત, ન સ્પર્શે નારી ત્યાં પરજંત ॥૨૭॥
નારી નહાતિ ધોતિ હોય જીયાં, બ્રહ્મચારીને ન જાવું તિયાં ।
જે ઘરમાં સુતી હોય નારી, તિયાં સુવું નહિ બ્રહ્મચારી ॥૨૮॥
ચાર હાથથી ચાલવું દૂર, એવા નિયમ રાખવા જરૂર ।
એટલાં વ્રત પાળે જે યોગી, થાય અંતરે તે જ અરોગી ॥૨૯॥
જગે દુર્લભ યોગી છે એવા, તે બ્રહ્માદિકને વંદ્યા જેવા ।
એ રીત્યે બ્રહ્મચર્ય રખાય, એમ ન રહે તે ભ્રષ્ટ થાય ॥૩૦॥
ક્રોધ માન મદ અમરશ, મત્સર નાનાભાત્યના રસ ।
એ યોગીને વિઘ્ન કરનાર, માટે તજવા તે નિરધાર ॥૩૧॥
આહાર નિદ્રા તે યુક્ત કરવું, વ્યસન ફેલ માત્ર પ્રહરવું ।
મદ્ય માંસનો સ્પર્શ પ્રહરીએ, દ્રોહ પ્રાણી માત્રનો ન કરીએ ॥૩૨॥
કેદી મન કર્મ ને વચને, આપે મરવું ન મારવું કેને ।
ચોરી કરવા ચિત્તે ન ચાહવું, વર્ણ સંકર યોગીને ન થાવું ॥૩૩॥
એવા ધર્મવાન મુનિ પ્રેહ, શ્રીકૃષ્ણને પણ વહાલા તેહ ।
મુક્તાનંદજી ને બીજા સંત, તમે સાંભળજ્યો ગુણવંત ॥૩૪॥
નીલકંઠ માંહિ ગુરુભાવ, રાખજ્યો તમે કરી ઉછાવ ।
શિખજ્યો સર્વે યોગની રીત્ય, ધર્મ વિષે રહેજ્યો કરી પ્રીત્ય ॥૩૫॥
તપે કરી કૃશ છે વરણી, કરજ્યો સેવા અન્ન જળે ઘણી ।
એ છે નાના એ નહિ કરો ઘાટ, તમે વયે મોટા છો તે માટ ॥૩૬॥
અમે વીતતે વૈશાખ માસે, આવશું સંતો તમારી પાસે ।

ત્યાં સુધી રાખજ્યો કરી સ્નેહ, રખે જાતા રહે એ નિસ્પ્રેહ ॥૩૭॥
એવો સમાચાર ઘણો ઘણો, લખ્યો ઉત્તર એમ પત્રતણો ।
પછી નીલકંઠની પત્રીનો, લખે છે સ્વામી ઉત્તર એનો ॥૩૮॥
શ્વેતદ્વીપવાસી નિરન્નમુક્ત, તેમાં મુખ્ય અતિ તેજે યુક્ત ।
નીલકંઠ જણાવો છો એવા, તપે કરી છો નરવીર જેવા ॥૩૯॥
એહ વાતમાં નથી સંદેહ, તે આવ્યા છો ધરી નરદેહ ।
એવા તમે તેનો જે કાગળ, આવ્યો છે તે અમારી પાસળ ॥૪૦॥
વાંચી જાણ્યો સર્વે સમાચાર, સુણી ક્રિયા મેં કર્યો વિચાર ।
તેતો મનુષ્ય થકી ન થાય, જોયું છે વિચારી મનમાંય ॥૪૧॥
જ્ઞાન વૈરાગ્ય ભક્તિ દૃઢાવ, નિયમ ધર્મનિષ્ઠા શાંતિભાવ ।
પૂર્વ જન્મનું છે તે તમારે, તેનું નથી આશ્ચર્ય અમારે ॥૪૨॥
તમે દેખો છો ધ્યાનમાં જેવા, નથી ફેર શ્રીકૃષ્ણ છે એવા ।
સાધુમાં રહીને જોજ્યો વાટ, આવશું અમે માં કરો ઉચાટ ॥૪૩॥
વૈશાખ માસ ઉતર્યા ટાણે, આવીશ હું ગામ પિપલાણે ।
આવ્યા જાણીને આવજ્યો તમે, તિયાં મળશું તમને અમે ॥૪૪॥
તમને દર્શનની છે જે તાણ, તે હું જાણું છું વર્ણી સુજાણ ।
પણ યાં આવ્યાનું નથી ઠીક, વચ્ચે લાગે છે દુષ્ટની બીક ॥૪૫॥
માટે તમારે આવવું નહિ, હોય પ્રીતી તો માનજ્યો સહિ ।
સર્વે સાધુને યોગ શિખવજ્યો, આનંદે સંતજનમાં રહેજ્યો ॥૪૬॥
જેમ તમને ઈચ્છા છે મારી, તેમ અમને ઈચ્છા છે તમારી ।
માટે આવીશ હું ઉતાવળ્યે, થાશે સુખ તે તમને મળ્યે ॥૪૭॥
તમ જેવા જે ભક્તનો સંગ, તે કરવા મારે છે ઉમંગ ।
રહેજ્યો ધર્મમાંહિ સાવધાન, ધર્મ વહાલો મને ભગવાન ॥૪૮॥
ધર્મયુક્ત ભક્ત રહે દૂર, પણ જાણું છું તેને હજુર ।
વળી તમ જેવાનાં ચરણ તોય, સ્પર્શિ મનુષ્ય પાવન હોય ॥૪૯॥
તમ જેવાની કરે જે સેવ, તેણે પૂજ્યા છે સર્વે દેવ ।
એવા સાધુમાં પ્રીતિ છે મારી, તેવી નથી મેં દેહમાં ધારી ॥૫૦॥

એવા કૃષ્ણ ભકત ધર્મવાન, તે મારું હૃદય છે નિદાન ।
માટે ક્ષોભ મ કરશો કાંઈ, આપણે મળશું પિપ્પલમાંઈ ॥૫૧॥
માટે આજ્ઞા વિના નહિ આવો, આવશો તો થાશે પસતાવો ।
જો છે અતિશે હેત તમારું, તોય ઈયાં આવ્યાનું છે વારું ॥૫૨॥
કરજ્યો સાધુનો આદરભાવ, રાખજ્યો અંગે સહજ સ્વભાવ ।
તપે કરી છે કૃશ તન, માટે જમજ્યો કાંઈક અન્ન ॥૫૩॥
હવે તપ કરશો માં એવું, પડે તન ન મળે એ જેવું ।
જ્ઞાન ભક્તિ તપ નિજધર્મ, તેનું સાધનરૂપ એ પર્મ ॥૫૪॥
માટે અમ સારુ એ દેહને, કરવું પોષણ કહું છું તેહને ।
એહ દેહવડે મહારાજ !, બહુ કરવા ધાર્યાં છે કાજ ॥૫૫॥
એમ સ્વામીએ વિચારી મન, એવાં લખ્યાં કાગળે વચન ।
પછી બીડ્યો છે કાગળ હાથે, મોકલ્યો મયારામજી સાથે ॥૫૬॥
પછી મયારામ ત્યાંથી ચાલ્યો, દિન સાતે આવી પત્ર આલ્યો ।
આપ્યો પત્ર સાધુને તે બીડ્યો, લઈ મુક્તાનંદે હૃદે ભીડ્યો ॥૫૭॥
પછી વર્ણી અને મુક્તાનંદ, વાંચી પત્રને પામ્યા આનંદ ।
પછી સ્વામીની આજ્ઞામાંઈ, રહ્યા નીલકંઠ પોતે ત્યાંઈ ॥૫૮॥
શીખવે છે નિત્ય યોગકળા, તેહ શીખે છે સંત સઘળા ।
તે ગુરુકૃપાએ તતકાળે, શીખી લીધી છે સર્વે મરાળે ॥૫૯॥

ઈતિ શ્રીમદેકાન્તિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે રામાનંદ સ્વામીએ પત્રનો ઉત્તર લખ્યો એ નામે ત્રેંતાલીસમું પ્રકરણમ્ ॥૪૩॥